# પીએફઆઈ પર પાંચ વર્ષ માટે પ્રતિબંધ

## ટેરર લિંકના આરોપમાં ઓલ ઇન્ડિયા ઇમામ કાઉન્સિલ સહિત ૮ સંગઠનો પર પણ કાર્યવાહી : ૨૨ સપ્ટેમ્બર અને ૨૭ સપ્ટેમ્બરે NIA, ED અને રાજ્ય પોલીસે PFIના અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા, દરોડાના પ્રથમ રાઉન્ડમાં PFI સાથે જોડાયેલા ૧૦૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી

નવી દિલ્હી,તા.૨૮

કેન્દ્ર સરકારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઘણા રાજ્યોએ PFI પર પ્રતિબંધ લાવવાની માંગ કરી હતી. તાજેતરમાં જ NIA અને અનેક રાજ્યોની પોલીસ અને એજન્સીઓએ PFIના સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ગૃહ મંત્રાલયે PFIને ૫ વર્ષ માટે પ્રતિબંધિત સંગઠન જાહેર કર્યું છે. PFI ઉપરાંત ૮ સંલગ્ન સંસ્થાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. પીએફઆઈ ઉપરાંત રિહેબ ઈન્ડિયા ફાઉન્ડેશન, કેમ્પસ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા, ઓલ ઈન્ડિયા ઈમામ કાઉન્સિલ, નેશનલ કોન્ફેડરેશન ઓફ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન, નેશનલ વુમન ફ્રન્ટ, જુનિયર ફ્રન્ટ, એમ્પાવર ઈન્ડિયા ફાઉન્ડેશન અને રિહેબ ફાઉન્ડેશન, કેરળ જેવા સહયોગી સંગઠનોને ગેરકાયદેસર સંગઠનો જાહેર કરવામાં આવ્યા છે. ૨૨ સપ્ટેમ્બર અને ૨૭ સપ્ટેમ્બરે NIA, ED અને રાજ્ય પોલીસે PFIના અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા. દરોડાના પ્રથમ રાઉન્ડમાં PFI સાથે જોડાયેલા ૧૦૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. દરોડાના બીજા રાઉન્ડમાં PFI સાથે જોડાયેલા ૨૪૭ લોકોની ધરપકડ/અટકાયત કરવામાં આવી હતી. તપાસ




એજન્સીઓને PFI વિરુદ્ધ પૂરતા પુરાવા મળ્યા છે. આ પછી તપાસ એજન્સીઓએ ગૃહ મંત્રાલય પાસે કાર્યવાહીની માંગ કરી હતી. તપાસ એજન્સીઓની ભલામણ પર ગૃહ મંત્રાલયે PFI પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે. પીએફઆઈ દેશમાં દિલ્હી, આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, કેરળ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, હરિયાણા, તમિલનાડુ, તેલંગાણા, મધ્યપ્રદેશમાં એક્ટિવ છે. નોંધનીય છે કે, મહારાષ્ટ્ર એટીએસ દ્વારા કોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, અમે જે પણ લોકોની ધરપકડ કરી છે તેમની આતંકીઓ સાથે લિંક હોવાના પુરાવા મળ્યા છે. જે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમાંથી પાંચ લોકો અલકાયદા અને આઈએસ જેવા આતંકી સંગઠનો સાથે સંબંધ ધરાવતા હોવાની શંકાને આધારે ધરપકડ કે અટકાયત કરવામાં આવી છે. તેઓની વધુ પૂછપરછની માગણી કરી હતી. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ પણ માંગણી કરી હતી કે, પીએફઆઈ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે.

## કેન્દ્રીય કર્મીઓ-પેન્શનર્સના ડીએમાં ૪ ટકાના વધારાને કેબિનેટની મંજૂરી

નવરાત્રીની સાથે હવે દિવાળીને પણ ગણતરીના દિવસ બાકી છે. આર્થિક કટોકટીમાં હવે સરકાર દિવાળી માટે કર્મચારીઓને ભેટ આપવાની શરૂ કરી છે. સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વર્તમાન કર્મચારીઓની સાથે પેન્શનરોને પણ આ ડીએ વધારાનો ફાયદો મળશે. ઘણા વર્ષોથી દર વર્ષે તહેવારો દરમિયાન મોંઘવારી ભથ્થામાં સુધારાની જાહેરાત કરવામાં આવે છે,જેથી તહેવારોની વચ્ચે સરકારી કર્મચારીઓને કેટલાક વધારાના પૈસા મળી શકે. ૪ ટકાના વધારા મુજબ ૭મા પગારપંચના આધારે પગાર મેળવનારા તમામ લોકોને ૧૮,૦૦૦ રૂપિયાના મૂળ પગાર પર ડીએમાં ૭૨૦ રૂપિયાનો વધારો મળશે અને મૂળ પગાર ૨૫,૦૦૦ થવા પર દર મહિને ૧,૦૦૦ રૂપિયા થઈ જશે.

## સરગાસણ શિવઈન હોટલનો મેનેજર દારૂની ૧૪૨ બોટલ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સરગાસણના કેપીટલ આઈકોન કોમ્પ્લેક્ષ સ્થિત શિવ ઈન હોટલમાં એલસીબી-૨ એ દરોડો પાડી મેનેજરને ૧૪૨ નંગ વિદેશી દારુની બોટલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરમાં કોમ્બીંગ નાઈટ દરમિયાન એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ અને એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો પેટ્રોલીંગ કરી રહી હતી. તે સમયે બાતમી મળી હતી કે સરગાસણ કેપીટલ આઈકોન કોમ્પ્લેક્ષમાં આવેલી શિવ ઈન હોટલનો ૧૯ વર્ષિય મેનેજર હર્ષિલ વાળંદ વિદેશી દારૂનો વેપાર કરે છે. જયારે હોટલના ધાબા પર દારૂ સંતાડવામાં આવે છે. જેથી પોલીસે હોટલ શિવ ઈન ખાતે દરોડો પાડતા રિસેપ્શન કાઉન્ટર પર હર્ષિલ મુકેશભાઈ વાળંદ મળી આવ્યો હતો. હર્ષિલને સાથે રાખી પોલીસ ધાબા પર પહોંચી હતી. ધાબાના ખુણામાં દારૂ ભરેલી પાંચ પેટીઓમાં પોલીસે ગણતરી કરતા ૧૪૨ બોટલ નંગ દારુની બોટલ મળી આવી હતી. પોલીસે હોટલના મેનેજર હર્ષિલ જાદવ (રહે. બ્લોક નં.બી-૨૦૪ રીવર ગ્રીન સંજરીપાર્કની સામે પેથાપુર) ને દારૂના જથ્થા અંગે પુછતા સેકટર-૨૫ ખાતે રહેતા સિધ્ધરાજ જાદવ આપી ગયો હોવાનું જણાવ્યું હતું. હોટલની આડમાં દારૂનો વેપાર કરતા મેનેજરને રૂ.૩૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કોલવડા ગામે સાયકલ સવાર કિશોરનું રીક્ષાની અડફેટે મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના કોલવડા ગામે ઈન્દીરાનગર રોડ પર સાયકલ લઈને ફરતા ૧૨ વર્ષના કિશોરનું રીક્ષાની ટક્કર વાગતા ગંભીર ઈજા પહોંચતા કરૂણ મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા ખાતે રહેતો ૧૨ વર્ષિય અવિનાશ નટવરલાલ દંતાણી પરિવારમાં માતા તેમજ બે બહેનો અને એક ભાઈ છે. અવિનાશના પિતાનું ત્રણ વર્ષ અગાઉ અવસાન થયું છે. જયારે અવિનાશ ધોરણ-૮ સુધી ભણેલો છે. માતાને આર્થિક રીતે મદદરૂપ થવા માટે અવિનાશે છ માસ અગાઉ ભણતર છોડી દીધુ હતું અને છુટક ઘરકામ કરતો હતો. આજે સવારે અવિનાશ શૌચક્રિયા માટે સાયકલ લઈને જઈ રહ્યો હતો, તે સમયે કોલવડા ઈન્દીરાનગર આવાસ પાસેના રોડ ઉપર આવી રહેલી રીક્ષા ચાલકે પોતાની રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને સાયકલને ટક્કર મારી હતી, જેને પગલે અવિનાશ ઉછળીને માર્ગ પર પટકાયો હતો. અકસ્માતને પગલે રાહદારીઓ અને સ્થાનિક ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. અવિનાશને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં ફરજ પરના ડોકટરે અવિનાશને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધી રીક્ષાચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### નેશનલ ગેમ્સ ઓપનિંગ સેરેમનીની પૂર્વ સંધ્યાએ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સંસ્કારધામ ખાતે ખુલ્લો મુક્યો સ્પોર્ટ્સ કોન્કલેવ





"જુડેગા ઈન્ડિયા, જીતેગા ઈન્ડિયા"ના સંકલ્પ સાથે નેશનલ ગેમ્સની ઓપનિંગ સેરેમની પહેલા અમદાવાદના ગોધાવી ખાતે આવેલા સંસ્કારધામ સંકુલ ખાતે સ્પોર્ટ્સ કોનકલેવનું આયોજન થયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત સરકારના પોલિટિકલ વિલ અને ટીમવર્કથી સૌથી ઓછા સમયમાં નેશનલ ગેમ્સનું આયોજન સાકાર થયું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'પ્રથમ સ્પોર્ટ્સ કોન્કલેવ-૨૦૨૨'ને સંબોધતા જણાવ્યું હતું કે, રમતમાં ભાગ લેવો એ સૌથી મહત્વનું હોય છે, હારવુ અને જીતવું એ પછીની વાત છે. ખેલાડીઓનો જુસ્સો વધારવા માટે તેમણે ખેલાડીઓને હિંમત ના હારવાનો જીત મંત્ર આપ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભનો પાયો નાંખીને ગુજરાતમાં રમત ગમત ક્ષેત્રે ઉમદા કામ કર્યું છે. આજે ગુજરાતના ખેલાડીઓ વિશ્વ કક્ષાએ નામના પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છે. રાજ્યના રમત-ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ પોતાના સંબોધનની શરૂઆતમાં તમામ ખેલાડીઓને ગુજરાતની ધરતી પર આવકાર્યા હતા.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેકટર કચેરીના ૪ જેટલા અધિકારીઓ ડેન્ગ્યુ, કોરોના, વાઈરલ ફિવરની બિમારીમાં સપડાયા છે.
- ગાંધીનગરથી ૩૦મીએ આરંભાતી વંદે ભારત ટ્રેઈનના કાર્યક્રમની તૈયારી માટે આજે અધિકારીઓની બેઠક રેલ્વેસ્ટેશન ખાતે યોજવામાં આવી હતી.
- સ્માર્ટસીટી પ્રોજેક્ટની બોર્ડ બેઠક આજે ગાંધીનગર ખાતે મળી હતી.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૪ ડિગ્રી નોંધાયો હતો અને આ ગરમી ૪૨ ડિગ્રી તાપમાન જેટલી લોકોએ અનુભવી હતી.
- કર્મયોગી ભવનના બ્લોક નં. ૩ માં રમત-ગમત વિભાગની કચેરી ખસેડવામાં આવી છે.
- આજે વિશ્વ હૃદય દિવસની ઉજવણીને લઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.
- જિલ્લા કલેકટર કચેરીમાં મહિલા કર્મચારીઓ દ્વારા ગરબા અને આરતીનું આયોજન કરાયુ હતુ. અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘે માની આરતી ઉતારી હતી.
- મામલતદાર કચેરીમાં નવરાત્રીને લઈ પ્રવેશદ્વાર પાસે મહિલા કર્મચારીઓ દ્વારા ફૂલોની રંગોળી કરવામાં આવે છે.
- જિલ્લા પંચાયતની મહિલા કર્મચારીઓ ભોંયતળિયે રિશેષના સમયે નવરાત્રીને લઈ ગરબા રમે છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લા બે દિવસથી રાજકીય પદાધિકારીઓએ આવવાનું બંધ કર્યુ હોવાનો મુદ્દાએ ચર્ચા જગાવી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૯૦૬ જેટલા લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

## ૬૪૯ મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૭, સે-૧૬ સે-૨૨ સે-૨૩ સે-૬ સે-૧૭ સહીતના વિસ્તારમાં વિવિધ કક્ષાના આવાસો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. શહેરમાં પાંચ દાયકા જુના મકાનો હવે રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે નવા આવાસો બાંધવા માટે જુના તોડીને જગ્યા ખુલ્લી કરવાનુ પણ અનિવાર્ય બન્યુ છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરમાં વિવિધ કક્ષાના ૬૪૯ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. થોડા સમય અગાઉ સે-૯ માં પણ આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે હાલ છ કક્ષાના ૭૨ યુનિટ તોડવાની કામગીરી ચાલી રહી છે. જયારે આ પૈકી ૭૦ ટકા કામ પુર્ણ કરી દેવાયુ છે. બાકીનુ કામ ટુંકમાં પુર્ણ કરી દેવાશે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના પાંચ દાયકા જુના છે. જેના લીધે હાલ આ આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી અગાઉ થયેલા સર્વે મુજબ શહેરમાં જુદી જુદી કક્ષાના ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી મજબુતીકરણ હેઠળ લઈ શકાય હોય તેવા મકાનોનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે અન્ય જોખમી મકાનો તબક્કવાર તોડવામાં આવી રહ્યા છે.

પાટનગર યોજના વિભાગ કક્ષાએથી જુદા જુદા સેકટરોમાં સ્થિત ૫૦ વર્ષ જેટલા જુના મકાનોનો નિકાલ કરવા માટે અલબત્ત તોડી નાંખવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જયારે આ પૈકી સે-૧૬,સે-૩૦ સે-૧૩, સે-૨૪, સે-૭ માં જુદી જુદી ચ, છ, જ -૨ ચ-૧ગ-૧ , જ-૧ કક્ષાના ૬૪૯ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. આ આવાસો તોડવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે દિવાળી બાદ આવાસો તોડવાની કામગીરી શરૂ કરી દેવાશે. શહેરમાં એકબાજુ જોખમી મકાનોની સંખ્યા વધુ છે. જયારે કર્મચારીઓને રહેણાંકને લાયક મકાનો પણ મળતા નથી આ સ્થિતિ વચ્ચે માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે જુના આવાસો તોડવાની કામગીરીમાં ઝડપ આવે અને નવા મકાનોના નિર્માણ માટે સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ ઝડપથી થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ભેદ ઉકેલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીતેન્દ્રને પોતાની પત્ની પસંદ ન હોવાથી તે પ્રેમીલા સાથે રહેવા માંગતો હતો. પરંતુ કિરણ આંખમાં કણાની જેમ ખટકતો હતો. જેથી તેને કાયમ માટે હટાવવા હત્યા કરવાનું નક્કી કર્યું હતું. આથી હત્યા કરવા માટે તેણે અગાઉથી હથીયાર (પિસ્ટલ)ની ખરીદી કરી હતી અને આ અંગે તેના નોકર જૈમીન ભરતભાઈ રાવળ (રહે - પરામાં મંગુબા વાડીની બાજુમાં ગોઝારીયા)ને તૈયાર કરી લીધો હતો. જ્યારે હત્યાને અંજામ આપ્યો તે પહેલા બંન્ને જણાએ રેકી કરી ગયા હતા. કિરણના નોકરી આવવા-જવાના સમય અને રૂટ થી વાકેફ હતા. ત્યારબાદ તા.૨૬ ના રોજ ગોઝારીયા થી ઈન્દ્રોડા આવી પહોંચ્યા હતા અને ગામની બહાર રોડ પર નીકળવાના રસ્તા પર ઉભા રહીને રાહ જોઈ રહ્યા હતા. તે સમયે જૈમીન બાઈક ચલાવતો હતો અને જીતેન્દ્રએ નોકરી જવા માટે સાયકલ લઈને નીકળેલા કિરણને ભારતીય સર્વેક્ષણ કચેરીના પાસેના રોડ પર મોકો જોઈ બરડાના ભાગે ગોળી મારી ઢીમ ઢાળી દીધુ હતું.

## પાણીનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. આ ઉપરાંત ચિકનગુનિયાના પણ ૨૫ જેટલા કેસો સામે આવ્યા છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે તંત્રએ માઉન્ટેડ ફોગીંગ મશીન દ્વારા મચ્છરોને નાથવાની કામગીરી શરૂ કરી છે અને રોજના બે સેક્ટરો તેમજ એક ગામમાં ખાસ ફોગીંગ કરવામાં આવી રહ્યુ છે. મેલેરિયાના કેસો નિયંત્રણમાં છે જોકે આમ છતાંય અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા કેસો નોંધાઈ ચુક્યા હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ વાહકજન્ય રોગચાળાને લઈ મેલેરિયા ક્લીનીક શરૂ કરવાની વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

દોસ્તો, રાજકોટની રાજકુમાર કોલેજના ખાતમુહૂર્ત વખતે ઠેર ઠેરથી રાજવીઓ પધાર્યા હતા. દરેક રાજા પોતાના વરદ હસ્તે પાયામાં એક ખોબો ધૂળ નાખે એવો વિધિ હતો. દરેક રાજાએ ધૂળ નાખી પણ જ્યારે જસદણના દરબાર સાહેબ આલા ખાચરે ખોબો ભરીને ચાંદીના સિક્કા નાખ્યા ત્યારે કોઈકે પૂછ્યું તો સહજ ભાવે જણાવ્યું કે "હું એક નાનો દાતા છું, દાનવીર થઈને ખોબામાં ધૂળ ભરું તો મારી દાતારી લાજે. બીજું આ કોલેજમાંથી રાજાઓ તૈયાર થવાના છે પણ એમાંથી અમુક દાનવીર બને એ ભાવથી પાયામાં ચાંદીના સિક્કા નાખ્યા છે. સમાજ માત્ર રાજકારણીઓ, કલાકારો, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, દાક્તરો, વકીલો, વેપારીઓ અને ખેડૂતોથી નથી સમાજમાં દાતાની પણ જરૂર પડે છે.

લેખના પ્રારંભે મુકેલ શેરના કવિ હવાને સલામ ભરે છે. કારણ હવાથી મોટું 'દાન' આ દુનિયામાં કોઈનું નથી. હવા ન હોય તો જીવવું અશક્ય... હવા નીકળી જાય..! આખી દુનિયાને જીવાડતી 'હવા' એ ક્યાંક તકતી મારી છે ખરી?!

દાન એ વિશુદ્ધ ધર્મ ભાવના છે જો એ 'નેકી કર ઔર દરિયા મેં ડાલ'એ ન્યાય થાય તો?! દાન તો હૈયાનો ગુણ છે એને બુદ્ધિ અને હાથનો વિષય થોડો બનાવાય?!

**સ્પર્શમણિ :**

**એક પાપ બીજા પાપ માટે દરવાજા ખોલી આપે છે તો એક પુણ્ય બીજા પુણ્યને આવકારે છે.**

**- ધૂમકેતુ**

**મદદ માટે લંબાયેલો એક હાથ પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતા વધુ મૂલ્યવાન છે.**

rasikvaland1965@gmail.com, ૯૯૧૩૪ ૨૬૯૪૯

